C Subject Code / વિષય કોડ :- 21003

Que. Paper Series / પ્રશ્નપુસ્તિકા કોડ

# Gujarati (Arts)

1202297939

Candidate's Roll No.

Supervisor's Signature

Time : 1 Hours
Total Ques. : 50
Total Marks : 50

*Do not open the Question Booklet until ask to do so.*

## Instructions to Candidates / ઉમેદવારોને સૂચના

(1) There are **50** questions in the Test Booklet. The answer of each question is any **one** out of **A, B, C** and **D**. Four alternatives are given with the question. You have to answer all the questions.

(2) Each correct answer carries **(1)one** mark. For each wrong multiple answer for each question will be treated as wrong. No negative marking for wrong answer.

(3) You have to answer on the OMR Sheet is given separately to you. **For example** : Which State of India has the longest Sea Coast ?

(A) Maharashtra (B) Tamil Nadu
(C) Gujarat (D) Andra Pradesh

**In OMR Answer Sheet :**

(A) (B) ● (D)

The true answer is **"C"**. Hence circle of **"C"** is blackened (encode).

(4) Don't write anything on the Test Booklet.

(5) Use **blue/black inked ballpoint pen** for filling responses in the OMR Answer Sheet. Any other ink, pen or Pencil is strictly prohibited.

(6) During exam from candidate, if any false matter, guide, cheats, slips, any handwritten material, any printed material, mobile phone, pager, calculator or any electronic equipments are found he/she will be disqualified.

(7) Gossips, making noise or disobeying instructions given by Invigilator will be considered disobedience.

(8) Do Rough Work on last page.

(1) આ પ્રશ્નપુસ્તિકામાં કુલ **50** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો સાચો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ **એક** છે. પ્રશ્નની સાથે જ ચારેય વિકલ્પો આપવામાં આવેલા છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

(2) પ્રત્યેક પ્રશ્નના સાચા ઉત્તર માટે **1(એક)** ગુણ છે. એક કરતા વધુ વિકલ્પ ડાર્ક કરનાર જવાબને ખોટો ગણવામાં આવશે. ખોટા જવાબ માટે કોઈ ગુણ કપાત થશે નહીં.

(3) ઉત્તર આપવા માટે **અલગ ઉત્તરવહી (OMR SHEET) આપી છે.**
ઉત્તર નીચેના **ઉદાહરણ** પ્રમાણે આપવાના છે.
ભારતનું કયું રાજ્ય સૌથી લાંબો દરિયા-કિનારો ધરાવે છે ?

(A) મહારાષ્ટ્ર (B) તામિલનાડું
(C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ

**ઉત્તરવહી (OMR SHEET)માં**

(A) (B) ● (D)

ઉપરોક્ત પ્રશ્નનો સાચો ઉત્તર **"C"** છે. આથી **"C"**નું વર્તુળ કાળું (encode) કરેલ છે.

(4) આ પ્રશ્નપુસ્તિકામાં કશું જ લખવાનું નથી.

(5) ઉત્તરવહીમાં ઉત્તરો **વાદળી / કાળી શાહીની બોલપોઈન્ટ** પેનથી આપવાનાં છે. અન્ય શાહી, પેન કે પેન્સિલનો ઉપયોગ કરી શકાશે નહીં.

(6) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, ગાઈડ, માર્ગદર્શિકા, કાપલી, સ્લીપો, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(7) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે.

(8) રફકામ છેલ્લાં પેજ પર કરવું.

---

**ઉત્તરવહી (OMR Answer sheet) બે પ્રતમાં છે.** પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરવહી (OMR Answer Sheet)ની પ્રથમ સ્કેનીંગ પ્રત (Scaning Copy) વર્ગ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. બીજી ઉમેદવાર પ્રત (Candidate Copy) ઉમેદવાર સાથે લઈ જઈ શકશે. પ્રશ્નપુસ્તિકા અને બીજી પ્રત ઉમેદવાર પોતાની જોડે લઈ જઈ શકશે.

1 'બિલ્વમંગળ' ખંડકાવ્યના કવિ કોણ છે ?

(A) કાન્ત (B) કલાપી

(C) બોટાદકર (D) સુન્દરમ્

2 સળંગ અગેય પદ્યરચનાઓનો પ્રયોગ ગુજરાતી સાહિત્યમાં કોણે કર્યો હતો ?

(A) ન્હાનાલાલ (B) બ. ક. ઠાકોર

(C) કાન્ત (D) કલાપી

3 હાજી મહમદ અલ્લારખિયા શિવજી કયું માસિક ચલાવતા ?

(A) બુદ્ધિપ્રકાશ (B) પ્રાર્થનાસભા

(C) વીસમી સદી (D) જ્ઞાનસુધા

4 'ફ્રોગ્સ' નામનું હાસ્ય-કટાક્ષશૈલીએ વિવેચનનો આરંભ કરનાર નાટક કોણે લખેલું ?

(A) ગોર્જિયસ (B) એરિસ્ટોટલ

(C) એરિસ્ટોફેનિસ (D) એસ્કાઈલસ

5 પાશ્ચાત્ય સાહિત્યમાં પહેલો 'શૈલીવિચાર' આપનાર મીમાંસક કોણ છે ?

(A) એરિસ્ટોટલ (B) લોન્જાયનસ

(C) રિચર્ડ્સ (D) એલિયેટ

6 'જીવન ખાતર કલા'ના સિદ્ધાંતને સમર્થન આપનાર વિવેચકનું નામ કહો.

(A) વર્ડ્ઝવર્થ (B) સાર્ત્ર

(C) કામ્યુ (D) મેથ્યુ આર્નોલ્ડ

7 'આરામ શાહ'નું પાત્ર કઈ સુપ્રસિદ્ધ નવલકથામાં આલેખાયું છે ?

(A) અમૃતા (B) સ્વપ્નતીર્થ

(C) નિશાચક્ર (D) પેરેલિસિસ

8 ઉત્તર ગુજરાતમાં બોલાતી બોલીને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) સુરતી (B) સોરઠી

(C) પટ્ટણી (D) ગોહિલવાડી

9 થડકારવાળો કે લુંઠિત ધ્વનિ કયો છે ?

(A) લ (B) ક

(C) ત (D) ળ

10 ખઘ, છઝ, ઠઢ - જેવા ધ્વનિઓને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) અઘોષ (B) ઘોષ

(C) મહાપ્રાણ (D) અલ્પપ્રાણ

11 બહુવ્રીહી સમાસનો સમાવેશ શામાં થાય છે ?

(A) સર્વપદપ્રધાન (B) અનન્યપદપ્રધાન

(C) એકપદપ્રધાન (D) દ્વિપદપ્રધાન

12 નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો.

(A) ક: નિરનુનાસિક, કંઠ્ય, અઘોષા, મહાપ્રાણ

(B) ફ: નિરનુનાસિક, ઓષ્ઠ્ય, અઘોષ, મહાપ્રાણ

(C) મ: અનુનાસિક, દંત્ય, અઘોષ, મહાપ્રાણ

(D) ત: નિરનુનાસિક, દંત્ય, ઘોષ, અલ્પપ્રાણ

13 નીચેનામાંથી કયું જૂથ સાચું છે ?

(A) ટોળાં અવાજ ઘોઘાટ - લાભશંકર ઠાકર

(B) બૂમ કાગળનાં કોરાં - પિનાકિન ઠાકર

(C) લઘરો - સિતાંશુ યશશ્ચંદ્ર

(D) પ્રવાહણ - રાજીવ પટેલ

14 ભાષાતબક્કાઓને સાચા કાલક્રમે ગોઠવો.

(A) રામાયણ, ઉપનિષદો, બ્રાહ્મણગ્રંથો, ઋગ્વેદ

(B) ઋગ્વેદ, બ્રાહ્મણગ્રંથો, ઉપનિષદો, રામાયણ

(C) ઉપનિષદો, બ્રાહ્મણગ્રંથો, ઋગ્વેદ, રામાયણ

(D) રામાયણ, ઉપનિષદો, ઋગ્વેદ, બ્રાહ્મણગ્રંથો

15 નીચેના વિધાનોની સત્યતાના આધારે સાચો વિકલ્પ જણાવો.

વિધાન- (અ) 'આત્મનિમજ્જન' : મણિલાલ દ્વિવેદીની આત્મકથા છે

(બ) 'પ્રિયંવદા'ના સંપાદક રમણભાઈ નીલકંઠ હતા.

(A) (અ) સાચું છે અને (બ) ખોટું છે

(B) (અ) ખોટું છે અને (બ) સાચું છે

(C) (અ) અને (બ) બંને ખોટાં છે.

(D) (અ) અને (બ) બંને સાચાં છે.

16 'તમે મારા દેવના દીધેલ છો, તમે મારા માગી લીધેલા છો' - એ પંક્તિઓ લોકસાહિત્યનો કયો પ્રકાર ગણાયો ?

(A) લગ્નગીત (B) બાળગીત

(C) હાલરડું (D) હડૂલા

17 'સાધારણીકરણ'નો સિદ્ધાંત આપનાર મીમાંસકનું નામ જણાવો.

(A) અભિનવગુપ્ત (B) ભટ્ટ નાયક

(C) ભટ્ટ શંકુક (D) ભટ્ટ લોલ્લટ

18 'રૂડી ગુજરાતી વાણી રાણીનો વકીલ છું' - આ ઉદ્‌ગારો કયા કવિના છે ?

(A) નર્મદ
(B) ઝીણાભાઈ દરજી
(C) સુન્દરમ્
(D) દલપતરામ

19 'થોડો વગડાનો શ્વાસ' એ કયા કવિની રચના છે ?

(A) જયંત ગાડિત
(B) જયંત પાઠક
(C) જયંત પંડ્યા
(D) જયંતિ ગોહિલ

20 (અ) પાઠ કે વાચનાનો પ્રશ્ન મધ્યકાલીન સાહિત્ય સંશોધનમાં નડે.
(બ) પાઠ કે વાચનાનો પ્રશ્ન અર્વાચીન સાહિત્યમાં પણ નડે.

(A) 'અ' સાચું છે ને 'બ' ખોટું છે.
(B) 'બ' સાચું છે ને 'અ' ખોટું છે.
(C) 'અ' અને 'બ' બંને સાચાં છે.
(D) 'અ' અને 'બ' બંને ખોટાં છે.

21 નીચેનામાંથી કયો ગ્રંથ ભગવાનદાસ પટેલનો નથી ?

(A) હેંડો વાત માંડીએ
(B) ભીલોનું ભારથ
(C) કૂલરાની લાડી
(D) આદિવાસી લોકાખ્યાનો

22 નીચેનામાંથી કયો ગ્રંથ આનંદશંકર ધ્રુવનો છે ?

(A) કાવ્યવિવેચન
(B) કાવ્યની શક્તિ
(C) કાવ્યતત્વ વિચાર
(D) કાવ્યમાં શબ્દ

23 નીચેનામાંથી કયું પુસ્તક ઉમાશંકર જોશીનો સંશોધનગ્રંથ છે ?

(A) કવિની શ્રદ્ધા
(B) કવિની સાધના
(C) નિરીક્ષા
(D) અખો : એક અધ્યયન

24 કોઈપણ સંશોધક માટે નીચેનામાંથી કયો ગ્રંથ આદર્શ નમૂના જેવો છે ?

(A) અર્વાચીન કવિતા
(B) અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય
(C) અર્વાચીન કાવ્ય સાહિત્યનાં વહેણ
(D) આદિવચનો

25 નીચેનામાંથી કયો ગ્રંથ ક્લીન્થ બૂક્સનો નથી ?

(A) An Approach to Literature

(B) Understanding Fiction

(C) Aspects of the Novel

(D) Modern Poetry and the Tradition

26 એરિસ્ટોટલના ગ્રંથનું નામ જણાવો.

(A) રિપબ્લિક

(B) પોએટિક્સ

(C) એસ્થેટિક્સ

(D) ઓન ધ સબ્લાઈમ

27 યોગ્ય જોડકાં જોડો.

| | | | |
|---|---|---|---|
| a. | ઈલા નાયક | 1. | નાટકમાં મિથ |
| b. | ધ્વનિલ પારેખ | 2. | ટૂંકી વાર્તામાં કપોળકલ્પનાનો વિનિયોગ |
| c. | નરેશ શુક્લ | 3. | સાહિત્ય : સમાજનો આયનો |
| d. | મીનલ દવે | 4. | ગુજરાતી દીર્ઘ નવલિકાઓ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 2 | 1 | 4 | 3 |
| (D) | 1 | 3 | 2 | 4 |

28 હોમરના 'ઈલિયડ'નો ગુજરાતીમાં અનુવાદ કોણે કર્યો ?

(A) સુમન શાહ

(B) શિરીષ પંચાલ

(C) જયંત પાઠક

(D) જયંત પંડ્યા

29 ટૂંકીવાર્તામાં વપરાતી નીચેની કઈ પ્રયુક્તિ સીધી જ ચિત્રકલામાંથી ઉતરી આવી છે ?

(A) ફ્લેશબેક

(B) આરંભ-મધ્ય અને અંત

(C) કૉલોઝ

(D) તીવ્ર ચોટ

30 દાદાવાદની પ્રેરણા લઈને ગુજરાતમાં થયેલ સાહિત્યિક આંદોલનનું નામ આપો.

(A) આકંઠ સાબરમતી

(B) રે મઠ

(C) પરિષ્કૃત

(D) દલિત પેંથર

31 શ્રીધર વ્યાસે વીરરસને કેન્દ્રમાં રાખીને કયું કાવ્ય રચ્યું છે ?
(A) કાન્હડદે પ્રબંધ (B) હૂંડી
(C) રણમલ્લ છંદ (D) હંસાઉલી

32 'ભરતેશ્વર બાહુબલિ રાસ' શામાં રચાયો છે ?
(A) કડવામાં (B) પ્રકરણમાં
(C) ઠવણિમાં (D) મીઠામાં

33 નરસિંહથી આરંભાતા મધ્યકાલીન યુગને બીજા કયા જાણીતા નામે ઓળખવામાં આવે છે ?
(A) જ્ઞાનયુગ (B) ભક્તિયુગ
(C) અધ્યાત્મયુગ (D) રાસભરપૂરયુગ

34 'જાલંધરાખ્યાન'ના કર્તાનું નામ જણાવો.
(A) પ્રેમાનંદ (B) નરસિંહ
(C) નાકર (D) ભાલણ

35 કયા સામયિકના તંત્રી તરીકે દલપતરામે સેવાઓ આપી હતી ?
(A) પરબ (B) જ્ઞાનપ્રકાશ
(C) પ્રાર્થનાસમાજ (D) બુદ્ધિપ્રકાશ

36 નર્મદની કાવ્યવિભાવના કયા અંગ્રેજ વિવેચકનો પ્રભાવ સ્વીકારે છે ?
(A) પ્રેમાનંદ પ્રેમસખી (B) સંસ્કૃત કવિ કાલિદાસ
(C) અંગ્રેજ વિવેચક હેઝલીટ (D) અંગ્રેજ કવિ એલિએટ

37 ડાહ્યાભાઈ ધોળશાજી કઈ સંસ્થા કે મંડળી સાથે સંકળાયેલા હતા ?
(A) ગુજરાતી નાટક મંડળી (B) પારસી નાટક મંડળી
(C) નૌતમ નાટક મંડળી (D) શ્રી દેશી નાટક સમાજ

38 'હરિપ્રેમપંચદશી' નામે ગઝલ સંગ્રહના કર્તા કોણ છે ?
(A) નવલરામ (B) બાલાશંકર કંથારિયા
(C) ન્હાનાલાલ (D) બ.ક. ઠાકોર

39 'ભારતનો ટંકાર' નામનું લાંબું કાવ્ય કોના દ્વારા સર્જવામાં આવ્યું હતું ?
(A) કૃષ્ણલાલ શ્રીધરાણી (B) ખબરદાર
(C) સુંદરમ્ (D) રાજેન્દ્ર શાહ

40 'વૃત્તિમય ભાવાભાસ'નો વિચાર સૌ પ્રથમવાર ગુજરાતીમાં કોણે ચર્ચામાં લીધો ?
(A) આનંદરાય (B) રમણભાઈ નીલકંઠ
(C) બ. ક. ઠાકોર (D) રામનારાયણ પાઠક

41 'મ્હારા નયણાની આળસ રે, ન નીરખ્યા હરિને જરી' જેવી કાવ્યપંક્તિના સર્જક કોણ ?
(A) ન્હાનાલાલ (B) આનંદશંકર ધ્રુવ
(C) નર્મદ (D) નરસિંહરાવ

42 સ્વીડનબોર્ગના વિચારોથી પ્રભાવિત થનારાં કવિનું નામ જણાવો.
(A) કવિ ન્હાનાલાલ (B) કવિ દલપતરામ
(C) કવિ નર્મદ (D) કવિ કાન્ત

43 નીચે પૈકી કયું જોડકું સુસંગત નથી ?
(A) ખોલકી અને નાગરિકા - વાર્તાસંગ્રહ (B) દેવોની ઘાટી - પ્રવાસ વર્ણન
(C) મંથરા - પદ્યનાટક (D) કથાચાતુષ્ર્ય - લોકકથાસંગ્રહ

44 નીચેનામાંથી કયા વિદ્વાને મધ્યકાલીન સાહિત્યને કેન્દ્રમાં રાખીને સંશોધન નથી કર્યું ?
(A) સુરેશ જોષી (B) રાજેશ પંડ્યા
(C) ઉમાશંકર જોશી (D) રમણલાલ જોશી

45 'મહારાજ લાયબલ' કેસ પર આધારિત 250 પાનાંનું દીર્ઘ કાવ્ય કોના દ્વારા લખવામાં આવ્યું છે ?
(A) નર્મદ (B) દલપતરામ
(C) નવલરામ (D) ઇચ્છારામ

46 નારીશિક્ષાનાં હેતુથી મણિલાલ દ્વિવેદી કયું સામયિક ચલાવતા ?
(A) ડાંડિયો (B) જ્ઞાનપ્રકાશ
(C) પ્રિયંવદા (D) શબ્દસૃષ્ટિ

47 'વર્ણવ્યાપાર' નામે ભાષાશાસ્ત્રનું પુસ્તક કોણે લખ્યું છે ?
(A) હરિ હર્ષદ ધ્રુવ (B) કેશવ હર્ષદ ધ્રુવ
(C) રમણભાઈ નીલકંઠ (D) નરસિંહરાવ દીવેટિયા

48 ગુજરાતી કાવ્ય સાહિત્યમાં સૌ પ્રથમ 'પ્રતિકાવ્યો'નો સફળ પ્રયોગ કરનાર કોણ છે ?
(A) કવિ બોટાદકર (B) ખબરદાર
(C) બળવંતરાય (D) દલપતરામ

49 ગુજરાતી સાહિત્યમાં પ્રથમ રેખાચિત્રોનો ગ્રંથ કયો ગણાય છે ?
(A) સ્મરણસંહિતા (B) હૃદયવીણા
(C) સ્મરણમુકુર (D) બુદ્ધચરિત

50 'પ્રેમાનંદના નાટકોનું કર્તૃત્વ' તપાસતો લેખ કોણે લખ્યો હતો ?
(A) નવલરામ (B) નરસિંહ રાવ
(C) વિજયરાજ વૈદ્ય (D) કનૈયાલાલ મુનશી

## રફ કામ માટે જગ્યા

120222979391202229793912022297939120222979391202229793912022297939